# હાઈવે પર RTOના અધિકારીઓ ત્રાટક્યા

**હાઈવેના** શોલ્ડર પર પાર્કિંગ અને અનધિકૃત સફેદ LED હેડલેમ્પ સામે પણ કાર્યવાહી

**NE-4** પર આડેધડ પાર્ક થયેલાં 77 વાહનને રૂ.2 લાખનો દંડ

સુરતઃ વાહનો ઝડપથી પસાર થઈ શકે તે માટે સરકાર દ્વારા એક્સપ્રેસ વે બનાવવામાં આવ્યો પરંતુ આ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર ઠેકઠેકાણે ટ્રકો પાર્ક કરી દેવાની સમસ્યા ધીરેધીરે ખૂબ જ ગંભીર બની ગઈ છે. આ મામલે થઈ રહેલા ઉહાપોહને પગલે RTO સુરત દ્વારા આજે નેશનલ એક્સપ્રેસ-વે 4 પર સ્પેશિયલ એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. નેશનલ હાઈવેની બાજુમાં કે શોલ્ડર પર પાર્ક કરાયેલા વાહનો ગંભીર અકસ્માતો અને જાનહાનિનું મુખ્ય કારણ બનતા હોવાથી તેમની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

અધિકારીઓના જણાવ્યા મુજબ, લાગુ પડતી જોગવાઈઓના ઉલ્લંઘન બદલ રસ્તાની બાજુમાં પાર્ક કરાયેલા અનેક ભારે અને હળવા વાહનોને દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત, અનધિકૃત સફેદ LED હેડલેમ્પ લગાવીને દોડતા વાહનો સામે પણ કાર્યવાહી હાથ ધરાઈ હતી. આવા હેડલેમ્પથી તીવ્ર ગ્લેર સર્જાય છે, જે સામેથી આવતા વાહનચાલકોના વિઝન પર પ્રતિકૂળ અસર કરે છે અને અકસ્માતનું જોખમ વધારે છે. આ સમગ્ર ઝુંબેશ દરમિયાન કુલ 77 વાહનો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં આશરે રૂ. 2 લાખ જેટલો દંડ વસૂલવામાં આવ્યો હતો. RTO તંત્રએ વાહનચાલકોને હાઈવેના નિયમોનું પાલન કરવા અને માર્ગ સલામતી જાળવવા અપીલ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આરટીઓ દ્વારા આ કામગીરી એક વખત કરીને બેસી રહેવાને બદલે સમયાંતરે કરવાની ખૂબ જ જરૂરીયાત છે કારણ કે ટ્રક સહિતના ભારે વાહનો પાર્ક કરી દેવાની સમસ્યા એક્સપ્રેસ વે પર દહેજ, કિમથી માંડીને એના સહિત અનેક જગ્યાએ કે જ્યાં એક્સપ્રેસ વેમાંથી બહાર નીકળવાના એપ્રોચ આપવામાં આવ્યા છે, ત્યાં વકરી રહી છે.



નેશનલ હાઈવેની બાજુમાં કે શોલ્ડર પર પાર્ક કરાયેલા વાહન ચાલકો સપાટામાં આવ્યા



અનધિકૃત સફેદ LED હેડલેમ્પ લગાવીને દોડતાં વાહનો સામે પણ કાર્યવાહી હાથ ધરાઈ



# એકતા દિવસની પરેડ પહેલાં જવાનોમાં ડેન્ગ્યુનો ભારે કહેર

**ગાંધીનગરમાં** આરોગ્ય તંત્ર એલર્ટ, 60થી વધુ જવાનો સારવાર માટે પહોંચ્યા

**34ને** હોસ્પિટલમાં દાખલ કરાયા; 14ના ડેન્ગ્યુ રિપોર્ટ પોઝિટિવ, 20માં વાયરલ ઇન્ફેક્શન

ગાંધીનગરઃ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આગામી 31 ઓક્ટોબરે યોજાનારી રાષ્ટ્રીય એકતા દિવસની પરેડની તૈયારીઓ વચ્ચે ગાંધીનગરમાં પરેડ પ્રેક્ટિસ માટે આવેલા જવાનોમાં તાવ, શરદી-ઉધરસ અને શારીરિક નબળાઈના કેસો સામે આવતાં આરોગ્ય તંત્ર દોડતું થયું છે. છેલ્લા બે દિવસમાં 60થી વધુ જવાનો ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ઓપીડીમાં સારવાર માટે પહોંચ્યા હતા, જેમાં તબિયત વધુ લથડેલા 34 જવાનોને ઇન્ડોર સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા છે. હોસ્પિટલમાં કરાયેલા પ્રાથમિક રક્ત પરીક્ષણમાં 14 જવાનો ડેન્ગ્યુ પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે, જ્યારે અન્ય 20 જવાનોમાં વાયરલ ઇન્ફેક્શન અને તાવની અસર જોવા મળી છે. પરેડ માટે દેશના વિવિધ રાજ્યોમાંથી ગાંધીનગર આવેલા જવાનો કડક તાલીમ અને પ્રેક્ટિસ કરી રહ્યા છે ત્યારે અચાનક મોટી સંખ્યામાં જવાનો બીમાર પડતાં આરોગ્ય તંત્ર દ્વારા સઘન દેખરેખ શરૂ કરવામાં આવી છે. દાખલ તમામ જવાનોના લોહીના નમૂના તપાસ માટે મોકલવામાં આવ્યા છે અને રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

### ગિફ્ટ સિટી નજીકના કેમ્પમાં ફોગિંગ, મચ્છરોના બ્રીડિંગનો સરવે

જવાનોમાં ડેન્ગ્યુના કેસ સામે આવતાં BSF અને ગાંધીનગર મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર પણ સક્રિય બન્યું છે. ગિફ્ટ સિટી નજીક જવાનો માટે ઊભી કરાયેલી અસ્થાયી રહેણાંક વસાહત તેમજ પરેડ ગ્રાઉન્ડ વિસ્તારમાં ફોગિંગ અને જંતુનાશક દવાના છંટકાવની કામગીરી શરૂ કરવામાં આવી છે. પાણી ભરાવાના સ્થળો દૂર કરવા અને આસપાસની સફાઈ વધુ કડક બનાવવામાં આવી છે. મહાનગરપાલિકાની મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર્સ અને વેક્ટર કંટ્રોલની 6 વિશેષ ટીમોએ સેક્ટર-28 અને 29ના 20 બ્લોકમાં આશરે 660 રહેણાંક એકમોમાં ઇન્ડોર ફોગિંગ કર્યું હતું. આ દરમિયાન પાણીના કુંડ, વિવિધ પાત્રો અને ધાબા પરની ટાંકીઓ સહિત 538 પાત્રોનું સર્વેલન્સ કરવામાં આવ્યું હતું. મચ્છરના બ્રીડિંગ મળી આવેલા 6 પાત્રોનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

# સાયણ-ગોથાણ રોડ પર સ્કૂલ બસની ટક્કરે બાઈક ચાલક યુવકનું મોત

**અટોદરા** સોલાર કંપનીમાં નોકરી પર જઈ રહેલા ગોથાણના મિત ચોક્સીને 30 નંબરની સ્કૂલ બસે અડફેટે લીધો

સુરતઃસાયણ-ગોથાણ રોડ પર મામાદેવ મંદિર નજીક સવારની શિફ્ટમાં નોકરી પર જઈ રહેલા ૨૧ વર્ષીય યુવકની બાઈકને પૂરઝડપે આવતી સ્કૂલ બસે જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં કાન, ગળા અને પીઠના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા યુવકનું કરૂણ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી સ્કૂલ બસનો ડ્રાઈવર વાહન સાથે નાસી છૂટ્યો હતો.

ગોથાણ ગામે બારફળિયામાં રહેતા અને હીરા મજૂરી કરતા શૈલેષભાઈ હર્ષદભાઈ ચોક્સીનો મોટો પુત્ર મિત (ઉં.વ. ૨૧) અટોદરા ગામ સ્થિત 'પહલ સોલાર પેનલ' કંપનીમાં નોકરી કરતો હતો. ગત તા. ૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે ૬:૦૦ વાગ્યાના અરસામાં મિત પોતાની મોટરસાયકલ (GJ-05-TL-3838) લઈને સવારની શિફ્ટની નોકરી પર જવા નીકળ્યો હતો. તે દરમિયાન સાડા છ વાગ્યાના અરસામાં સાયણ-ગોથાણ રોડ પર મામાદેવ મંદિર પાસે જાહેર રોડ પર કોઈ અજાણ્યા વાહને તેની બાઈકને અડફેટે લીધી હતી. અકસ્માત બાદ ગામના સાવન કડિયાએ પિતા શૈલેષભાઈને ફોન કરી જાણ કરી હતી કે તેમનો પુત્ર રસ્તા કિનારે બેભાન હાલતમાં પડ્યો છે.પરિવારજનો તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા, જ્યાં મિત લોહીલુહાણ હાલતમાં મળ્યો હતો.

તેને તુરંત સાયણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તપાસીને મિતને મૃત જાહેર કર્યો હતો.

બનાવ અંગે ગામલોકો અને પરિવારજનોએ ગામના સીસીટીવી ફૂટેજ ચકાસતા માલૂમ પડ્યું હતું કે, પૂરઝડપે અને બેદરકારીપૂર્વક હંકારી લાવેલી 30 નંબરની સ્કૂલ બસ (રજિસ્ટર નંબર GJ-05-BX-0932) ના ચાલકે મિતની બાઈકને ટક્કર મારી હતી અને બાદમાં બસ લઈને નાસી છૂટ્યો હતો.યુવાન પુત્રના અચાનક અવસાનથી ચોક્સી પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. પિતાની ફરિયાદના આધારે અમરોલી પોલીસે સ્કૂલ બસના ફરાર ડ્રાઈવર સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# બોગસ એગ્રીમેન્ટ બનાવી મિલકત હડપવાના કાવતરામાં પોલીસ ફરિયાદ

**વાપીમાં** કીંમતી હોટલ હડપ કરવા બોગસ એગ્રીમેન્ટ બનાવાયો, કોર્ટના આદેશ બાદ અવિનાશ ગૌડા સામે ગુનો દાખલ

વાપી : વાપીમાં કિંમતી મિલકત હડપ કરવા કે નાણાં પડાવવાના ઈરાદાથી બોગસ એગ્રીમેન્ટ બનાવી છેતરપિંડી આચરવાના કાવતરા અંગે વાપી ટાઉન પોલીસ મથકે કોર્ટના આદેશ બાદ ગુનો (M-Case) દાખલ કરવામાં આવ્યો છે..

વાપીમાં ફરિયાદીની જાણ બહાર તેમની બોગસ અને ખોટી સહીઓ કરી કરાવીને એક ગેરકાયદે એગ્રીમેન્ટ ઊભો કરવામાં આવ્યો હતો. આ એગ્રીમેન્ટમાં વાપીની હોટલ વિશ્રામ પ્રા.લિ.ના વેચાણ બાબતે 30 જૂન 2018ના રોજ ફરિયાદી મોહમદ અલી ગુલામહુશેન અઘારીયા (હોટલ સુપ્રીમ રોયલ ચેમ્બર્સ, વાપી)ને એક તરફવાળા તથા તહોમતદાર અવિનાશ સંજીવ ગૌડાના પિતાને બીજી તરફવાળા બતાવવામાં આવ્યા હતા. આ મિલકત 1.51 કરોડમાં ખરીદ કરવા માટે 11 લાખ રોકડ બાના પેટે આપી હોવાનું જણાવ્યું હતું. આ મિલકત ખરીદનારનું 31-10-2023ના રોજ મૃત્યુ થયું હતું. આ એગ્રીમેન્ટમાં ફરિયાદી મોહમદ અલીએ પોતાની સહી નહીં હોવાનું જણાવી ફરિયાદ કરી છે. આ દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરી ગંભીર ફોજદારી ગુનો આચરવામાં આવ્યો હોવાની શંકા જતાં ફરિયાદીએ પોતાના સહીના નમૂના લઈ હસ્તાક્ષર નિષ્ણાંતને ચકાસણી અર્થે સોંપ્યા હતા. હસ્તાક્ષર નિષ્ણાંતે રજૂ કરેલા પોતાના સચોટ અભિપ્રાયમાં સ્પષ્ટપણે જણાવ્યુ હતું કે, એગ્રીમેન્ટમાં કરવામાં આવેલી સહીઓ ફરિયાદીની નથી અને તે બનાવટી છે. આ રિપોર્ટના આધારે ફરિયાદીએ વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી હોવા છતાં પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. આથી ફરિયાદીને વાપી કોર્ટના શરણે જવાની ફરજ પડી હતી. જ્યાં વાપી કોર્ટે હુકમ કરી પોલીસ તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટના આદેશને પગલે આજે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીઓ સામે છેતરપિંડી, મૂલ્યવાન જામીનગીરીની બનાવટ, છેતરપિંડીના હેતુથી બોગસ દસ્તાવેજ બનાવવો, બનાવટી દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ અને ગુનાહિત કાવતરા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

**2026માં મહત્તમ 337.40 ફૂટે જ પાણી અટક્યું**

# ઉકાઈમાં સાત વર્ષ બાદ સિઝનની હાઈએસ્ટ સપાટી ૩૪૫ ફૂટથી નીચે

**2019થી** 2025 સુધી સતત સાત વર્ષ 345 ફૂટની આસપાસ કે તેથી વધુ સપાટી નોંધાઈ હતી

સુરતઃ દક્ષિણ ગુજરાતની જીવાદોરીસમાન ઉકાઈ ડેમમાં ચાલુ વર્ષે ચોમાસાની સિઝન પૂર્ણ થતાં પાણીની મહત્તમ સપાટી 337.40 ફૂટે નોંધાઈ છે. છેલ્લાં દસ વર્ષના સિઝન પૂર્ણ થતાં નોંધાયેલા હાઈએસ્ટ સપાટીના આંકડાઓ પર નજર કરીએ તો સાત વર્ષ બાદ પ્રથમ વખત ઉકાઈ ડેમની મહત્તમ સપાટી 345 ફૂટ સુધી પહોંચી શકી નથી.

વર્ષ-2019થી 2025 દરમિયાન સતત સાત વર્ષ ઉકાઈ ડેમની સિઝનની મહત્તમ સપાટી 345 ફૂટની આસપાસ અથવા તેનાથી વધુ રહી હતી. જોકે, 2026માં આ સપાટીથી ડેમ લગભગ 7.60 ફૂટ નીચે રહ્યો છે. જ્યારે 2021ની છેલ્લાં દસ વર્ષમાં સૌથી વધુ 345.52 ફૂટની સપાટી સાથે સરખામણી કરવામાં આવે તો આ વર્ષે મહત્તમ સપાટી 8.12 ફૂટ નીચી રહી છે.

### છેલ્લાં 10 વર્ષમાં સિઝન પૂર્ણ થતાં ઉકાઈ ડેમની મહત્તમ સપાટી

| વર્ષ | મહત્તમ સપાટી (ફૂટ) |
|---|---|
| 2017 | 324.24 |
| 2018 | 319.07 |
| 2019 | 345.04 |
| 2020 | 345.00 |
| 2021 | 345.52 |
| 2022 | 345.35 |
| 2023 | 345.01 |
| 2024 | 345.00 |
| 2025 | 345.02 |
| 2026 | 337.40 |

# શેરબજારમાં ૨૦થી ૫૦ ટકા વળતરની લાલચ આપી ૧૧.૩૩ લાખની ઠગાઈ

**અંશતઃ** રકમ ચૂકવ્યા બાદ રૂપિયા ૧૧.૩૩ લાખ હડપ કરી વાયદાઓ કર્યા, એન્જલ વનના એજન્ટ સામે ગુનો નોંધાયો

સુરત : શેરબજારમાં રોકાણ કરી ટૂંકા સમયમાં ૨૦ થી ૫૦ ટકા સુધીનું જંગી વળતર અપાવવાની લાલચ આપી ડિંડોલી વિસ્તારની બ્યુટી પાર્લર સંચાલિકા અને તેના સલૂન સંચાલક મિત્ર સાથે રૂપિયા ૧૧.૩૩ લાખથી વધુની ઠગાઈ કરવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

ડિંડોલી સ્થિત માનસી રેસિડેન્સીમાં રહેતા અને 'રસ્મી ગ્લેમર' નામે બ્યુટી પાર્લર ચલાવતા રશ્મિતા સુધાંશુ શેખર પંડા (ઉં.વ. ૩૨) એ નોંધાવેલી ફરિયાદ અનુસાર, ડિંડોલીના પ્રયોશા સ્ટાર ખાતે 'વી.આર. યુનિસેક્સ' સલૂન ચલાવતા તેમના મિત્ર રામેશ્વર વૈદ્યના સલૂનમાં આવતા અભિષેક સુનિલ શર્મા (રહે. સેવન લક્ઝુરિયા એપાર્ટમેન્ટ, ડિંડોલી) સાથે તેમનો પરિચય થયો હતો. અભિષેકે પોતે એન્જલ વન બ્રોકરેજ કંપનીનો એજન્ટ હોવાનું અને શેરબજારમાં નાણાં રોકાણ કરાવી ૨૦ થી ૫૦ ટકા સુધીનો ઊંચો નફો અપાવવાની ખાતરી આપી હતી. જેથી રશ્મિતાબેન તથા તેમના પતિ સુધાંશુ પંડાએ પોતાના વ્યક્તિગત અને સંયુક્ત ખાતામાંથી તેમજ રામેશ્વરભાઈએ મળીને તા. ૦૨/૦૬/૨૦૨૫ થી તા. ૧૯/૦૩/૨૦૨૬ દરમિયાન ટુકડે-ટુકડે રોકડા તથા ઓનલાઈન માધ્યમથી કુલ રૂપિયા ૧૯,૯૧,૭૦૦ નું જંગી રોકાણ કર્યું હતું. ત્યારબાદ આરોપી અભિષેક શર્માએ સમયાંતરે ૮,૫૭,૭૫૬ પરત ચૂકવ્યા હતા. પરંતુ બાકી નીકળતી રૂપિયા ૧૧,૩૩,૯૪૪ નહીં ચૂકવતાં આખરે પોલીસે આરોપી અભિષેક સુનિલ શર્મા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

**મેસના ભોજન અને વોર્ડનની કથિત હેરાનગતિ સામે વિરોધ**

# સમરસ હોસ્ટેલમાં પાણી-ભોજન મુદ્દે વિદ્યાર્થિનીઓનો આક્રોશ

**24 કલાકથી** ધરણા છતાં તંત્ર નિષ્ક્રિય, કલેક્ટર લેખિત ખાતરી આપે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં પાણીની અછત, મેસના ભોજનની કથિત કથળેલી સ્થિતિ તેમજ વોર્ડનની કથિત હેરાનગતિના આક્ષેપોને લઈને વિદ્યાર્થિનીઓનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે.

વિદ્યાર્થિનીઓના જણાવ્યા મુજબ, હોસ્ટેલમાં વાસ્તવમાં દિવસ દરમિયાન માત્ર અડધાથી એક કલાક જેટલો જ પાણીનો પુરવઠો આપવામાં આવે છે. મેસમાં આપવામાં આવતા ભોજનની ગુણવત્તાને લઈને પણ વિદ્યાર્થિનીઓએ અસંતોષ વ્યક્ત કર્યો છે. વોર્ડન દ્વારા કથિત રીતે હેરાનગતિ કરવામાં આવતી હોવાના આક્ષેપો પણ વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યા છે. વિદ્યાર્થિનીઓનું કહેવું છે કે, અગાઉ અનેક વખત રજૂઆત કરવા છતાં સમસ્યાઓનું કાયમી નિરાકરણ આવ્યું નથી. જેના પગલે હવે ધરણાંનો માર્ગ અપનાવવો પડ્યો છે.



### કલેક્ટર લેખિત ખાતરી આપે તેવી માંગ

વિદ્યાર્થિનીઓએ જિલ્લા કલેક્ટર સ્થળ પર આવી તેમની સમસ્યાઓ સાંભળે અને માંગણીઓના નિરાકરણ અંગે લેખિત ખાતરી આપે તેવી માંગ કરી છે. માંગણીઓ નહીં સંતોષાય તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ આપવામાં આવી છે.

# MBA ફાઇનાન્સ વહુને 'અનપઢ' કહી મેણાં મારી ત્રાસ અપાયો

**અલથાણની** પરિણીતાનો સાસરિયાંના ત્રાસથી ઝેર ગટગટાવી આપઘાતનો પ્રયાસ

સુરતઃ 'તું અનપઢ છે, તને કંઈ ખબર પડતી નથી...' MBA ફાઇનાન્સ જેવી ઉચ્ચ પદવી ધરાવતી, ધંધાથી વકીલ વુમન અને નાના બાળકોને ઓનલાઈન ભણાવતી પરિણીતા માટે સાસરિયાંના આ ઝેરી મહેણાં-ટોણાં અને શારીરિક-માનસિક જુલમ એટલો અસહ્ય બની ગયો કે તેણે જિંદગીથી કંટાળીને આત્યંતિક પગલું ભરી લીધું અલથાણ વિસ્તારમાં સી.બી. પટેલ હોલ નજીક 'વેનીલા સ્કાય'માં રહેતી ૨૯ વર્ષીય યુવતીના લગ્ન તા. ૨૪ નવેમ્બર ૨૦૨૪ ના રોજ પાર્થ રાજીવ અદલખા સાથે સમાજના રીત-રિવાજ મુજબ થયા હતા. MBA ફાઇનાન્સ સુધીનો ઉચ્ચ અભ્યાસ કરનાર અને વકીલ વુમન તરીકે કામ કરતી આ યુવતીનો સંસાર શરૂ થયાના માંડ એક અઠવાડિયામાં જ તેના અરમાનો પર પાણી ફરી વળ્યું હતું. સાસુ મીનાક્ષી, સસરા રાજીવ અદલખા અને નણંદ મેઘાએ નાની-નાની બાબતોમાં મહેણાં-ટોણાં મારી ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. ઉચ્ચ શિક્ષિત વહુ હોવા છતાં સાસરિયાં તેને "તું અનપઢ છે, તને કશી ખબર પડતી નથી" કહી અવારનવાર માનસિક રીતે તોડી પાડતા હતા. પંદરેક દિવસ પહેલાં નણંદ મેઘા તેને માર મારવા ધસી આવી હતી. ગત તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ સાંજે સાડા સાતેક વાગ્યે સાસુ મીનાક્ષી અને નણંદ મેઘાએ હિમાંશી સાથે ઉગ્ર ગાળાગાળી કરી, માર મારવાની ધમકી આપીને અમાનુષી ત્રાસ આપ્યો હતો. જેથી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### અસહ્ય જુલમથી કંટાળી ઝેર પીધું, ICUમાં સારવાર જારી

સાસરિયાંના અવિરત દબાણ અને અપમાનથી ભાંગી પડેલી હિમાંશીએ તે જ રાત્રે આઠેક વાગ્યે ઘરમાં રહેલી ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઘટનાની જાણ થતાં જ પિયરજનો દોડી આવ્યા હતા અને પરણિતાને અલથાણની ખાનગી હોસ્પિટલમાં ખસેડી હતી. ICU ના બિછાનેથી પરણિતાએ આપેલા નિવેદનના આધારે પોલીસે સસરા રાજીવ અદલખા, સાસુ મીનાક્ષી અને નણંદમેઘા રાજીવ અદલખા તમામ રહે, વેનીલા સ્કાઇ સી.બી.પટેલની બાજુમાં અલથાણ વિરુદ્ધ ગુનાહિત ત્રાસ, ગાળાગાળી તથા જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સુરતમાં નવી...

આસપાસનો દક્ષિણ ગુજરાતનો પટ્ટો (જેમાં ભરૂચ, સુરત, નવસારી, ડાંગ, તાપી, વલસાડ અને વાપીનો સમાવેશ થાય છે) વસ્તી અને આર્થિક વિકાસની દૃષ્ટિએ ખૂબ જ આગળ છે. પરંતુ આશ્ચર્યની વાત એ હતી કે આઝાદીના સાત દાયકા પછી પણ આટલા મોટા વિસ્તારમાં વિદ્યાર્થીઓ માટે BDS (બેચલર ઓફ ડેન્ટલ સર્જરી) કે MDS નો અભ્યાસ કરવા માટે એક પણ સરકારી કે ખાનગી કોલેજ ઉપલબ્ધ ન હતી. અગાઉ ડેન્ટલ કોલેજના અભાવે મેડિકલ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા સ્થાનિક વિદ્યાર્થીઓએ મજબૂરીવશ અમદાવાદ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત કે અન્ય રાજ્યોમાં ઉચ્ચ ફી અને અન્ય ખર્ચાઓ ભોગવીને સ્થળાંતર કરવું પડતું હતું.

દૂરના શહેરોમાં જઈને અભ્યાસ કરવાથી હોસ્ટેલ, મુસાફરી અને રહેવા-જમવાનો લાખો રૂપિયાનો વધારાનો આર્થિક બોજ મધ્યમ અને ગરીબ વર્ગના વાલીઓ પર પડતો હતો. આર્થિક અસમર્થતાને કારણે અનેક હોનહાર વિદ્યાર્થીઓ ડેન્ટલ ડોક્ટર બનવાનું પોતાનું સપનું જતું કરવા મજબૂર બનતા હતા. જોકે, હવે સરકારના આ સકારાત્મક પગલાંથી અને સુરત સિવિલ કેમ્પસમાં જ નવી ડેન્ટલ કોલેજ શરૂ થવાના આદેશથી દક્ષિણ ગુજરાતના તેજસ્વી વિદ્યાર્થીઓને ઘરઆંગણે જ ઉચ્ચ તબીબી શિક્ષણ મળી રહેશે અને વાલીઓને મોટા આર્થિક બોજમાંથી કાયમી મુક્તિ મળશે. સાથોસાથ દક્ષિણ ગુજરાતના દર્દીઓને પણ દાંત અને મુખને લગતી અદ્યતન સારવાર સ્થાનિક સ્તરે જ સરળતાથી ઉપલબ્ધ બનશે.

### સુરતથી ઉદેપુરની...

ભારત ટ્રેનમાં મુસાફરી કરતી વખતે લોકોને એવો અહેસાસ થાય છે કે તેઓ જાણે વિદેશમાં મુસાફરી કરી રહ્યા હોય. સુરતના લોકોએ ક્યારેય સુરતથી ઉદયપુર માટે વંદે ભારત માગી નહોતી, તેમ છતાં વડાપ્રધાન મોદી સમક્ષ રજૂઆત કરતાં તેમણે લોકોની જરૂરિયાત સમજીને તાત્કાલિક મંજૂરી આપી હતી. આ ટ્રેન સુરતમાં વસતા રાજસ્થાનીઓ માટે ગેમચેન્જર સાબિત થશે. રાજસ્થાનીઓ સવારે નીકળી નાના-મોટા કામ આટોપી સાંજે સુરત પરત ફરી શકશે, તેથી તેમના સમયની બચત થશે. શામળાજી અને શ્રીનાથજી જતા શ્રદ્ધાળુઓ માટે આ ટ્રેન અતિ ઉપયોગી નીવડશે.

### પત્નીને ઈમોશનલ...

પત્નીએ બૂમાબૂમ કરતા પડોશીઓ દોડી આવ્યા હતા અને ગંભીર રીતે દાઝેલા જશવંતને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં, સારવાર દરમિયાન શુક્રવારે સવારે તેનું મોત નીપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, પતિ-પત્ની વચ્ચે ઈમોશનલ બ્લેકમેઈલિંગ દરમિયાન આ ઘટના બની હોવાનું જાણવા મળ્યું છે. જશવંત પરિવારનું ભરણપોષણ કરવા માટે અડાજણ વિસ્તારમાં વોચમેન તરીકે કામ કરતો હતો અને સંતાનમાં એક પુત્રી છે. બનાવ અંગે ઉમરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### મિત્ર સામે...

કરવામાં આવ્યો છે. હાઇકોર્ટ સમક્ષ મૌખિક રજૂઆત દરમિયાન રાઠોડના ધારાશાસ્ત્રી ઉત્કર્ષ દવેએ પોલીસ દ્વારા ત્રણેય મહિલાઓ વચ્ચે કથિત 'અનૈતિક સંબંધ' અંગે પણ પૂછપરછ કરાઈ હોવાનો દાવો કર્યો હતો. જોકે, આ મુદ્દો હાઇકોર્ટમાં દાખલ મૂળ અરજીમાં સામેલ નથી અને તેને તે તબક્કે પુરવાર કરી શકાય તેમ ન હોવાથી અરજીમાં ન મૂકાયો હોવાનું કોર્ટ સમક્ષ સ્પષ્ટ કરાયું હતું.

### ગાંધી જયંતિએ...

એ.એસ.ચૌધરીની રૂબરૂ મુલાકાત લઈ કતલખાનાં બંધ કરાવવા અંગે રજૂઆત કરી હતી અને આવેદનપત્ર પણ આપ્યું હતું. રેલી અને આવેદન કાર્યક્રમ પૂર્ણ થયા બાદ જૈન સમાજના પૂજ્ય સન્યાસી જિનપ્રેમ વિજયજી મહારાજ તથા તેમની સાથે અન્ય બે જૈન મુનિ સીધા કલેક્ટર કચેરી ખાતે આવી ત્રણેય મુનિ ધરણા પર બેસી ગયા હતા. જૈન મુનિઓ દ્વારા પાવાગઢના સ્થળને લગતા પ્રશ્ન ઉપરાંત સુરતના ગોપીપુરા વિસ્તારમાં જૈન સમાજ વસવાટ કરે છે તે વિસ્તારની ફરતે દીવાલ બનાવવાના નકશા સહિતના પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. જ્યાં સુધી બંને પ્રશ્નોનું નિરાકરણ ન આવે ત્યાં સુધી ધરણા ચાલુ રાખવાનો નિર્ણય હોવાનું જાણવા મળ્યું છે.

### યુવતીએ બોલચાલ...

પોલીસે સતર્કતા દાખવી યુવતીના પિતાને અપહરણકારોની ચુંગાલમાંથી છોડાવી બિલ્ડર પુત્ર સહિત ત્રણની ધરપકડ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ભીમરાડ વિસ્તારમાં રહેતા અને ભટારમાં કોમ્પ્યુટર અને સીસીટીવીની દુકાન ધરાવતા જૈન વેપારીની ૨૪ વર્ષીય દીકરી માર્કેટિંગના વ્યવસાયને લઈ ગુજરાત બહાર રહે છે. સામાજિક પ્રસંગે તેની મુલાકાત પાર્લે પોઈન્ટ વિસ્તારમાં આવેલા સોલિટરી એપાર્ટમેન્ટમાં રહેતા અને જાણીતા બિલ્ડર મુકેશ નાહટાના પુત્ર રિષભ સાથે થઈ હતી. બંને વચ્ચે મિત્રતા થયા બાદ પ્રેમસંબંધ બંધાયો હતો. જોકે, આશરે છ મહિના અગાઉ બંને વચ્ચે અણબનાવ થતાં વાતચીત બંધ થઈ ગઈ હતી. આમ છતાં રિષભ યુવતીને અવારનવાર ફોન કરી વાત કરવા દબાણ કરતો હતો. ગત ૧ ઓક્ટોબરની સાંજે બંને વચ્ચે આશરે એક કલાક ફોન પર વાતચીત થઈ હતી. આ દરમિયાન બોલાચાલી ઉગ્ર બનતાં યુવતીએ ફોન કાપી નાંખ્યો હતો. આ અંગે રિષભની માતાને જાણ થતાં તેમણે યુવતીને ફોન કરી સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ યુવતીએ રિષભની માતા સાથે ગાળાગાળી કરતાં મામલો વધુ ઉગ્ર બન્યો હતો.

આ વાતની જાણ રિષભને થતાં તે તેના મિત્રો દેવ કેતનકુમાર આહીર (રહે.,યોગી એસ્ટેટ, અડાજણ) અને લક્ષ્મણ વામન રાઠોડ (રહે.,ઉમરા ગામ, પાસપોર્ટ ઓફિસની બાજુમાં)ને સાથે લઈ લક્ઝુરિયસ કારમાં ભીમરાડ ખાતે યુવતીના ઘરે પહોંચ્યો હતો. ત્યાં યુવતીના પિતાને સમગ્ર વાત જણાવી દીકરી પાસે માફી મંગાવવા દબાણ કર્યું હતું. યુવતીના પિતાએ દીકરીને ફોન કરી માફી માંગવા જણાવ્યું હતું, પરંતુ યુવતીએ માફી માંગવાનો ઈનકાર કર્યો હતો. જેથી ઉશ્કેરાયેલા ત્રણેય શખ્સોએ યુવતીના પિતા સાથે મારામારી કરી તેમને બળજબરીથી કારમાં બેસાડી અપહરણ કર્યું હતું.

### અણુવ્રત દ્વાર...

આધારે અપહરણ, મારામારી, જાનથી મારી નાંખવાની ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી બિલ્ડર પુત્ર રિષભ, દેવ અને લક્ષ્મણની ધરપકડ કરી હતી.

### દેવ આહીર...

કાર, પિસ્તોલ, ચપ્પુ અને ત્રણ મોબાઇલ ફોન મળી કુલ રૂ.૪૧.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ આરોપી પોલીસને અનેક વખત હાથ લાગ્યો છે.

### શ્રાદ્ધપક્ષમાં ધરતી...

હવે ધીમે ધીમે હવામાન સૂકું બનવા તરફ આગળ વધી રહ્યું છે. દિવસ દરમિયાન ગરમી યથાવત રહેવાની સાથે આગામી દિવસોમાં રાત્રિના તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા છે. હવામાન વિભાગે નવરાત્રિ બાદ ઠંડીના આગમનની આગાહી કરી છે. નવરાત્રિ પૂર્ણ થયા બાદ ઉત્તર-પૂર્વના ઠંડા પવનોની અસર વધે તો સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડકનો અનુભવ વધવાની શક્યતા છે.

### માંડવીની નિધી...

પોલીસ સ્ટેશન લઈ જઈ અટકાયતમાં રાખવા, મોબાઈલ જપ્ત કરવા અને લોહીના નમૂના લેવા સહિતના આક્ષેપો સાથે સુરતની 47 વર્ષીય કિરણ રાઠોડે ગુજરાત હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. કિરણ રાઠોડે સાત પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ સામે સુપ્રીમ કોર્ટની ડી .કે બાસુ માર્ગદર્શિકાના કથિત ભંગ બદલ કન્ટેમ્પ્ટ કાર્યવાહી કરવાની માગ કરી છે. ગુજરાતહાઈકોર્ટે 1 ઓક્ટોબરે સંબંધિત અધિકારીઓને નોટિસ પાઠવી છે અને આ રીટની વધુ સુનાવણી આગામી તા.26 ઓક્ટોબરે રાખી છે.કિરણ રાઠોડ દ્વારા રીટ અરજીમાં કરાયેલા આક્ષેપો મુજબ, માંડવી પોલીસ સ્ટેશનમાં ઓગસ્ટમાં નોંધાયેલા હત્યા-લૂંટના કેસમાં રાઠોડની મિત્ર અલ્પાની સંડોવણી છે કે કેમ ? તે તપાસ દરમ્યાન જ સુરત ગ્રામ્ય પોલીસનું ધ્યાન અરજદાર કિરણ રાઠોડ તરફ ગયું હતું. રાઠોડનું કહેવું છે કે તે અલ્પાના ઘરે થોડા દિવસ રોકાઈ હતી અને તપાસમાં સહકાર આપતાં તેણે નિવેદન, ફિંગરપ્રિન્ટ અને બ્લડ સેમ્પલ પણ આપ્યાં હતાં. તેમ છતાં પોલીસ દ્વારા તેની વારંવાર પૂછપરછ કરવામાં આવી હતી. રાઠોડની અરજીમાં પોલીસની કાર્યવાહી સુપ્રીમ કોર્ટના ડી કે બાસુ કેસમાં નક્કી કરાયેલા વ્યક્તિગત સ્વાતંત્ર્ય અને અટકાયત સંબંધિત સુરક્ષા-નિયમોના કથિત ભંગરૂપ હોવાનું જણાવાયું છે. અરજીમાં પૂછપરછ અને કથિત અટકાયત સંબંધિત રેકોર્ડ સાચવવા તથા કોર્ટ સમક્ષ રજૂ કરવાના નિર્દેશની પણ માગ કરવામાં આવી છે. જોકે, પોલીસ સામે કરાયેલા આક્ષેપો હાલ માત્ર અરજીમાં કરવામાં આવ્યા છે અને કોર્ટ દ્વારા તેની સત્યતા અંગે કોઈ અંતિમ નિષ્કર્ષ આપવામાં આવ્યો નથી.

### માંડવીમાં 25 વર્ષીય યુવતીના મોતની તપાસ

આ સમગ્ર કાર્યવાહી સુરત જિલ્લાના માંડવીમાં 24 ઓગસ્ટે થયેલા 25 વર્ષીય યુવતી નિધિના રહસ્યમય મોતની તપાસ સાથે સંકળાયેલી છે. ફરિયાદ મુજબ શરૂઆતમાં અજાણ્યા લૂંટારાઓ સામે કેસ નોંધાયો હતો અને દાગીના, રોકડ તથા મોબાઇલ સહિત રૂ.2.52 લાખની મિલકત ચોરાઈ હોવાનો ઉલ્લેખ હતો. બાદમાં પોલીસે નિધિને તેના મોત પહેલાં એક મહિલા મિત્ર મળી હોવા બાબતે આ મહિલાની પણ તપાસ કરી છે. જો કે સમગ્ર કેસમાં કોની સંડોવણી છે, તે બાબતે સુરત ગ્રામ્ય પોલીસે સત્તાવાર રીતે મીડિયા સમક્ષ કોઈ જાહેરાત કરી નથી.